
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ સિંહ

**આજના ગ્રહોની કુંડળી**




**આજે હોળાષ્ટક અને મીનારક કમૂરતાં તથા ચાંડાલ યોગ ચાલે છે. ગુરુ સૂર્યનો પરિવર્તન યોગ તથા ગુરુ ચંદ્રનો ગજકેસરી યોગ ચાલે છે. મીનનો બુધ નીચનો છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** આઠમે સ્વગૃહી મંગળ એકલો જ આપની કુંડળીમાં ભારે ગ્રહ છે - તમારે પડવા - વાગવા - દાઝવાથી સાચવવું - તમારા જીવનસાથીની તંદુરસ્તી અંગે ચિંતા કરશો તો સારું.

**વૃષભ** કેન્દ્રમાં બાકીના ત્રણ ખાનામાં મોટા ભાગના શુભાશુભ ગ્રહો આવી ગયેલ હોઈ આપને આજે મિશ્રફળ મળશે - દિવસ સારા નરસા અનુભવોમાંથી પસાર કરવો પડે.

**મિથુન** ત્રીજે ચાંડાલ યોગ સાથે ગજકેસરી યોગ થાય છે જેથી આપને નાનો મોટો લાભ મળી રહેશે. આર્થિક લાભ સાથે સાથે માનસિક સંદિગ્ધતા ઊભી થવાના યોગ છે - સાચવવું.

**કર્ક** સંતાન ભુવન બગડેલ છે - બાળકો ભણવામાં ઓછું ધ્યાન આપશે. ધ્યાન રાખવાની જરૂર છે. નહીં તો તેમના મિત્રોની સોબતમાં હરીફરી ખાશે અને ભણવાનું પરિણામ ધાર્યા કરતાં ઓછું આવશે.

**સિંહ** કેન્દ્રમાં ત્રણ સ્થાનમાં ક્રૂર પાપગ્રહો આવેલ છે. જે શુભ યોગોના શુભત્વને નષ્ટ કરે છે. ઈષ્ટ દેવનું સ્મરણ કરીને શક્ય હોય તો ભક્તિ પૂજા સમય પસાર થાય તે હિતાવહ છે.

**કન્યા** સાતમે રાશિપતિ - બુધ નીચનો થઈ સૂર્ય સાથે છે જે તમારી રાશિને જુએ છે. પરિણામે તમોને ખોટા વિચારો લાવે અને તમને યોગ્ય નિર્ણયો લેતાં અટકાવે - સાવધ રહેશો.

**તુલા** અગિયારસે ચાંડાલ યોગને ગજકેસરી યોગ એક સાથે થાય છે જેથી આપને નાનકડા પ્રવાસ સાથેનું મિશ્રફળ મળે. ફાયદો - નુકસાન બંને થવાના યોગ છે. ભક્તિ - પૂજા કરશો તો ફાયદો થશે.

**વૃશ્ચિક** રાશિપતિ કેન્દ્રમાં રાશિમાં શનિ સાથેની યુતિમાં છે - પાંચમે સૂર્યબુધની યુતિ છે - દસમે રાહુ છે. તમારા માટે સમય સારો બિલકુલ જણાતો નથી - સાવચેતી રાખીને દિવસ પસાર કરશો.

**ધન** બારમે શનિ મંગળ આવેલ છે જેમાં મંગળ સ્વગૃહી પાવરફૂલ છે તેથી વ્યર્થના ખોટા ખર્ચાના પાત્રમાં નાંખી દેશે. માટે આપે કોઈની સાથે વાદવિવાદમાં ઉતર્યા વીના શાંતિથી સમય પસાર કરવો.

**મકર** આઠમે ચાંડાલ યોગ ને ગજકેસરી યોગ એક સાથે છે જેથી આપને વિચારો ને તંદુરસ્તીના પ્રશ્નો ઊભા કરે - ફાયદો કરાવે ને નુકસાન પણ કરાવે. મિશ્રફળ મળે. ધ્યાન રાખશો.

**કુંભ** રાશિમાં શુક્ર - સાતમે ગજકેસરી યોગ હોવા છતાં રાહુ - શનિ - મંગળની સ્થિતિ જોતાં આપને શુભગ્રહોનું કોઈ જ ફળ મળે તેમ જણાતું નથી. ભક્તિ - પૂજામાં દિવસ વિતાવવો.

**મીન** રાશિમાં નીચનો બુધ - સૂર્યના મીનારક કમૂરતાં - બારમે કેતુ શુક્રની યુતિ વિગેરે ગ્રહોની સ્થિતિ જોતાં તમો ખર્ચના ખાડામાં ઉતરવાના છો તે ચોક્કસ છે. સાવચેતી રાખશો તો સારું.

## અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

આજે સોનિયા ગાંધી કે જયલલિતાનો સાથ દેનારા, અને કાલે મોદીનો સાથ દેનારા અડૂકિયા-દડૂકિયા નેતાઓ થકી સર્જાતા વિવાદ એમને મીડિયામાં પ્રસિદ્ધિ જરૂર આપે, પણ અટલજીએ કહ્યું હતું તેમ, 'સ્વામીને પ્રધાન બનાવીને વડા પ્રધાન બનવા કરતાં હું વિપક્ષમાં બેસવાનું પસંદ કરીશ' એ વાત ઘણું બધું કહી જાય છે. સંઘના સરકાર્યવાહ ભૈયાજી જોશીએ ગુલામનબી આઝાદની સંઘવિરોધી ટિપ્પણો વિશે પણ જે ગરિમાથી ઉત્તર દીધો,એમાંથી સંઘ કે ભાજપની નેતાગીરીએ બોધપાઠ લેવાની જરૂર ખરી. ઘણી વાર સત્તાધીશો વિપક્ષી નેતાની જેમ જ ઉધામા મારતા રહે એમાં એમની પરિપક્વતાનાં દર્શન થતાં નથી.

# અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા મેશ્વો જળાશયમાંથી પાણી છોડવા કલેકટરને રજૂઆત

મોડાસા, તા.૨૦

અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રા સ્થળ શામળાજી નજીક આવેલા મેશ્વો જળાશયમાંથી પાણી છોડવા જવાબદાર તંત્ર સામે ૨૫થી વધુ ગામોના પ્રજાજનો દ્વારા છેલ્લા કેટલાય સમયથી રજૂઆત કરવા છતા તંત્ર દ્વારા પાણી છોડવામાં આવતું નથી. ઉનાળાની શરૂઆતમાં પાણીના તળ ઉંડા જતા પાણીની સમસ્યા વિકટ બનતા આ વિસ્તારના પ્રજાજનોની સમસ્યા હલ કરવા અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ જિલ્લા કલેકટર એસ. છાકછુઆકને પત્ર દ્વારા રજુઆત કરી છે ત્યારે શામળાજી પંથકના પ્રજાજનો ચાતક નજરે મેશ્વો ડેમમાંથી પાણી છૂટવાની રાહ જોઈ રહ્યા છે.

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ શામળાજી આસપાસના વિસ્તારમાં આવેલ ૨૫થી વધુ ગામોના કુવા તેમજ બોરમાં પાણીના સ્તર ઉંડા ઉતરી જતા પાણીની વિકટ સમસ્યા ઉદભવતા પ્રજાજનોને પીવાના પાણી અંગેની અને પશુઓની હાલત કફોડી બની છે. પશુપાલકો ચિંતાતુર બન્યા છે. મેશ્વો નદી પણ સૂકી ભઠ્ઠ બની ગઈ છે ત્યારે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ શામળાજી પંથકના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લેતા પ્રજાજનોએ છેલ્લા કેટલાય સમયથી શામળાજી ખાતે આવેલા મેશ્વો ડેમમાંથી પાણી છોડવા માટે રજૂઆત કરી હોવા છતા તંત્ર દ્વારા પાણી છોડવામાં આવતું નથી જેથી ઉનાળાના પ્રાંરભે ૨૫થી વધુ ગામોના ગ્રામજનોને પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ પેદા થતા આ સમસ્યા હલ કરવા પ્રમુખે ગુરુવારે અરવલ્લી જિલ્લા કલેકટર એસ. છાકછુઆકને પત્ર લખી રજુઆત કરી છે અને પાણી છોડવામાં આવે તેવી પંથકના રહીશોની માંગનું જલદીથી નિરાકરણ લાવવા માટે જણાવ્યું હતું.

## સોનાસણમાં ઘર ઉપર પથ્થરમારો કરી નુકશાન પહોંચાડતા સાત વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૦

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે શનિવારે એક રહીશના મકાન ઉપર સાત જણાએ પોતાનો ઈરાદો પાર પાડવા માટે એક સંપ થઈને ઘર ઉપર પથ્થરમારો કરી વાહનને નુકશાન પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા સાતેય જણા વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

## સંગઠન માળખામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પટેલ પ્રદેશ મહામંત્રી પણ દિલ્હી ગયા છે. પ્રાપ્ત વિગતો મુજબ રાષ્ટ્રીય કારોબારી બેઠક બાદ ભાજપ પ્રમુખ અમીત શાહ સાથે ગુજરાત ભાજપના નેતાઓની એક બેઠક મળી હતી. જેમાં પ્રદેશ ભાજપ સંગઠ્ઠન માળખાની પુનઃ રચના અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ પ્રમુખ દ્વારા સંભવીત નામોની એક યાદી મોવડીમંડળનેરજુ કરવામાંઆવી હતી. જેમાં કેટલાક ફેરફારો કરીને યાદીને મંજુરી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દિલ્હીથી પ્રદેશ પ્રમુખ આવતીકાલે પરત ફરે ત્યાર બાદ આગામી એકાદ સપ્તાહમાં પ્રદેશ સંગઠ્ઠન માળખાની પુનઃ રચના કરવા માટેની પ્રક્રિયા હાથ ધરીને પોતાની નવી ટીમની જાહેરાત કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ સંગઠ્ઠન માળખામાં ધરખમ ફેરફારો તોળાઈ રહ્યા છે. નવા પ્રદેશ પ્રમુખ પોતાની નવી ટીમ કેટલાક ભાજપના જુના જોગીઓને પાછા લાવે અને સ્થાન આપે તેવી શક્યતા સેવાઈ રહી છે. સાથોસાથ પ્રદેશ મોરચાઓમાં પણ કેટલાક મહત્વના ફેરફારો કરીને કેટલાક યુવા ચહેરાઓને સ્થાન આપવામાં આવે તેવી શક્યતા છે.

## અધિક કલેક્ટર રમેશ મેરજાના સાળા હેમંત પટેલનું યુવાન વયે દુઃખદ નિધન

ગાંધીનગર, તા. ૨૦

મહેસાણા ખાતેના નિવાસી અધિક કલેક્ટર રમેશ મેરજાના સાળા હેમંતકુમાર પટેલનું હૃદયરોગના હુમલાથી ૪૯ વર્ષની વયે કરૂણ નિધન થયું છે. જામનગરની સેન્ટ ઝેવિયર્સમાં પરિક્ષક તરીકે ફરજ દરમિયાન હાઈસ્કૂલના પટાંગણમાં જ ઓચિંતો હાર્ડએટેક આવતા તેઓનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. આ કરૂણ ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતા શહેરના નામાંકિત અગ્રણીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં શોકનું મોજુ પ્રસરી ગયુ હતું. આ માઠી દુર્ઘટનાથી રાણીયા અને મેરજા પરિવારમાં શોકની ગાલીમા છવાઈ ગઈ હતી. હેમંતકુમારની એક માત્ર સંતાન ચાર્મીને વિલાપ કરતા છોડી ગયેલા પિતાના નશ્વરદેહને અગ્નિદાહ દેતા વાતાવરણમાં અનુકંપા પ્રસરી ગઈ હતી. દીકરીએ દીકરા જેવી હિંમતપૂર્વક સ્મશાનમાં ઉપસ્થિત રહી સમાજને એક અલગ રાહ ચીંધ્યો હતો જેને જય મેરજાએ સધિયારો આપ્યો હતો.



ગાંધીનગર શહેરના ઘ-૪ વિસ્તારમાં બટાકાપૌઆની લારી ચલાવતા અને 'વિશ્વ ચકલી દિને' ચકલી ઘરનું વિતરણ કરતા યુવાનને ત્યાં આજે સવારથી જ મોટી સંખ્યામાં પક્ષીપ્રેમીઓ આવી પહોંચ્યા હતા. ચકલીઘર લઈને જતા પ્રેમીઓએ આ યુવાનની સેવાને બિરદાવી હતી. તો કેટલાક સેવાભાવી નગરજનોએ યુવાનને દાનની ઓફર કરી હતી. જે યુવાને નિસ્વાર્થભાવે ઠુકરાવી હતી. સવારથી બપોર સુધીમાં અંદાજીત ૫૦૦થી વધુ ચકલીઘરનું વિતરણ યુવાને કર્યું હતું.

# દેશની સૌપ્રથમ ઈ-કોમર્સ કંપની ઈન્ફિબીમનો આઈપીઓ

દેશની સૌપ્રથમ ઈ-કોમર્સ અને સપ્ટેમ્બર-૧૫ના અંતે પુરા થયેલા ૬ માસ માટે રૂ. ૬.૫ કરોડનો નફો નોંધાવનારી અમદાવાદ સ્થિત ઈન્ફિબીમ ઈન્કોર્પોરેશનનો આઈપીઓ આજે ખુલશે. દેવામુક્ત કંપની તરીકે ઈન્ફિબીમ ઈન્કોર્પોરેશન તેના આઈપીઓ મારફત એકત્રિત રકમમાંથી રૂ. ૨૩૦ કરોડ ક્લાઉડ બેઝ ડેટા સેન્ટર સ્થાપશે. તે માટે કંપનીએ ગીફ્ટસીટીમાં ૪.૫ લાખ ચોરસમીટર જગ્યા લીધી છે. ૩૭.૫ કરોડના ખર્ચે ૭૫ નવા લોજિસ્ટીક સેન્ટર્સ સ્થાપશે. અને ૬૭ કરોડના સોફ્ટવેર ખરીદવાની દરખાસ્ત ધરાવેછે. કંપનીએ મિડલઈસ્ટ તેમજ યુરોપના માર્કેટસમાં પણ મહત્વાકાંક્ષી વિસ્તરણ યોજના હાથ ધરી છે. જેના કારણે કંપનીની આવક અને નેટ પ્રોફીટ માર્જિનમાં આકર્ષક વૃદ્ધિની



તકો રહેલી છે. તે ઉપરાંત કંપનીની પેટા કંપનીમાં સોન મ્યુઝિક એન્ટરટેઈન્ટમેન્ટે ૨૬ ટકા હિસ્સો મેળવેલો છે. ૨૦૧૨માં ૩૫૦ મર્ચન્ટસ ધરાવતી કંપનીમાં ૨૦૧૬માં ૪૮૦૦૦થી વધુ મર્ચન્ટસ નોંધાયેલા છે. કંપનીએ સપ્ટેમ્બર-૧૫ના અંતે પુરા થયેલા ૭ માસ માટે રૂ. ૧૭૫ કરોડની આવકો ઉપર રૂ. ૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીએ આ ગાળા દરમિયાન ૫૮ ટકાનું ઈબીટા માર્જિન નોંધાવવા સાથે નફાકારકતામાં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે. ઈન્ફિબીમની સૌથી મોટી તાકાત એ છે કે, તેનું સુસંકલિત બિઝનેસ મોડલ મર્ચન્ટસને તેમના ઉત્પાદનો રિટેલ વેબસાઈટ ઉપરાંત બિલ્ડબાર પ્લેટફોર્મ બન્ને ઉપર વેચવાની પરવાનગી આપે છે. કંપની શેરદીઠ રૂ. ૩૬૦-૪૩૨ની પ્રાઈસબેન્ડ ધરાવતા શેર્સ ઓફર કરવા દ્વારા રૂ. ૪૫૦ કરોડ એકત્ર કરવાની દરખાસ્ત ધરાવે છે. રોકાણકારો ૩૪ અથવા તેની ગુણાંકમાં શેર્સ માટે અરજી કરી શકશે. શેર્સને બીએસઈ અને એનએસઈ ખાતે લિસ્ટેડ કરાવવાની દરખાસ્ત ધરાવે છે.

21 March International Day of Forests
Forests and Water
વન વિભાગ ગુજરાત રાજ્ય
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

''આંતરરાષ્ટ્રીય વન દિવસ''
૨૧મી માર્ચ

આજના કાર્યક્રમો
★ સવારે ૦૯-૧૫ થી ૧૧-૦૦ રાજ્યના તમામ સેટકોમ કેન્દ્રો પરથી ★
માનનીય મુખ્યમંત્રી
શ્રીમતી આનંદીબેન પટેલનું ઉદ્‌બોધન
★ તમામ જિલ્લા મથકોએ રેલી, નિબંધ તથા ચિત્ર સ્પર્ધાઓ ★

તા.૨૧ થી ૩૦ માર્ચ દરમ્યાન રાજ્યના અભયારણ્યો અને વન વિસ્તારની મુલાકાત લઈ ફોટોગ્રાફી સ્પર્ધામાં ભાગ લો. જેની વિગતો જિલ્લા વન વિભાગની કચેરીએથી ઉપલબ્ધ થશે.

વનો થકી જળ, જળ એજ જીવન

- વન બહારના વિસ્તારમાં વૃક્ષોની સંખ્યા છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડથી વધીને ૩૦ કરોડ થઈ
- દેશમાં વન વિસ્તાર બહારના વૃક્ષાચ્છાદિત વિસ્તાર ૨.૮૨% ની સામે ગુજરાતમાં ૪.૦૪%
- સમગ્ર દેશમાં ચેરના વનોનો સૌથી વધુ વધારો ગુજરાત રાજ્યમાં
- સિંહની વસ્તી ૨૦૧૫માં ૫૨૩ થઈ, પાંચ વર્ષમાં ૨૭%નો વધારો : વ્હેલ શાર્ક સંરક્ષણ હેઠળ ૫૮૩ વ્હેલ શાર્ક બચાવાઈ



''આપણા શહેર, તાલુકા, ગામને વનીકરણ દ્વારા સુંદર, સ્વચ્છ, હરિયાળુ બનાવીએ''
શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

- વન વિભાગ દ્વારા વાર્ષિક ૧૩૧ લાખ માનવદિનની રોજગારી
- સુઆયોજીત ઈકો-ટુરીઝમ દ્વારા સ્થાનિક લોકો તથા વનબંધુઓને આજીવિકા
- ૩૪૬૨ સ્વસહાય જૂથો અને ૩૩૯૨ સહભાગી વન સમિતિઓનું સશક્તિકરણ

વન વિભાગ, ગુજરાત રાજ્ય

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ